**<u>માનનીય ધારાસભ્યશ્રી-૩નું ગુજરાત ગુડ્ઝ એન્ડ સર્વિસિસ ટેક્સ એક્ટ, ૨૦૧૭ ના સુધારા પર વક્તવ્ય</u>:**

સરકારની આવકનાં મુખ્ય સ્ત્રોત તરીકે પરોક્ષ કરવેરાનો હંમેશાં સિંહ ફાળો રહેલો છે. સરકારી આવકમાં જેમ-જેમ વધારો થતો જાય છે તેની સાથે-સાથે સામાન્ય પ્રજાનાં હિતલક્ષી  વિકાસકાર્યોને પણ વેગ મળતો રહે છે.

જીએસટી કાયદો અમલમાં આવ્યો ત્યારથી માંડીને અત્યાર સુધીમાં રાજ્ય સરકારની આવકમાં મહત્વનો વધારો થવા પામેલ છે. આ માટે મને કેટલાંક આંકડાઓ  રજુ કરતાં ખૂબ ગર્વ અનુભવ થાય છે. નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ માં  જીએસટી કાયદા હેઠળ રાજ્યને કુલ રૂ. ૫૬,૦૬૪/- કરોડની આવક પ્રાપ્ત થયેલ છે, જે નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨ દરમિયાન થયેલ આવક રૂ. ૪૫,૪૬૪/-કરોડની સરખામણીમાં ૨૩% વધુ છે. આ આવક નેશનલ આવક  ગ્રોથ રેટ ૨૧.૨૨% તેમજ GSDP (Gujarat State Domestic Product) નાં ગ્રોથ રેટ ૧૭.૧૮% કરતાં વધુ રહ્યો છે. તમામ કરદાતાઓ અને અંતિમ ઉપભોક્તાઓનાં મૂલ્યવાન યોગદાનને કારણે તેમજ વિભાગનાં અધિકારીઓનાં સમયસરનાં યોગ્ય મોનીટરીંગને પરિણામે નાણાંકીય વર્ષ ૦૨૨-૨૩ માં  જીએસટી અને વેટની મળીને કુલ રૂ. ૧ લાખ કરોડની આવકની ઐતિહાસિક સિદ્ધિ રાજ્યને પ્રાપ્ત થયેલ છે.

ગુજરાત રાજ્ય સહિત સમગ્ર દેશમાં તા. ૦૧/૦૭/૨૦૧૭ થી “વન નેશન વન ટેક્સ” ના સિદ્ધાંત પ્રમાણે જીએસટી કાયદો અમલમાં આવેલ છે. આ અગાઉ દરેક રાજ્યમાં ચીજ-વસ્તુઓનાં ઉત્પાદન પર સેન્ટ્રલ એક્સાઈઝ અને વેચાણો પર વેટ કાયદા હેઠળ તેમજ સેવાઓ પર સર્વિસ ટેક્સ કાયદા હેઠળ વેરો વસૂલવામાં આવતો હતો. અગાઉ સેન્ટ્રલ એક્સાઈઝ કાયદા હેઠળ ચૂકવેલ વેરાની વેરા શાખ વેટ કે કેન્દ્રિય વેચાણ વેરા કાયદા હેઠળ મજરે મળતી ન હતી. તેવી જ રીતે વેટ કે કેન્દ્રિય વેચાણ વેરા કાયદા હેઠળ ચૂકવેલ વેરાની વેરાશાખ સેન્ટ્રલ એક્સાઈઝ કે સર્વિસ ટેક્સ કાયદા હેઠળ મજરે મળતી ન હતી. આવાં બેવડા વેરાનાં ભારણ (cascading effect) ની ચીજ-વસ્તુની પડતર કિંમત પર વિપરીત અસર જોવા મળતી હતી.

તા. ૦૧/૦૭/૨૦૧૭ થી જીએસટી કાયદાનાં અમલીકરણ થકી વેરાનાં બેવડા ભારણને દૂર કરવામાં આવેલ છે તેમજ ચીજ-વસ્તુ અને

સેવાઓ પર વેરાને લગતાં અલગ-અલગ કાયદાઓને એકીકૃત કરીને આવાં વિવિધ કાયદાઓ હેઠળનાં કોમ્લાયન્સિસનાં ભારણને ઘટાડવામાં આવેલ છે.

રાજ્યમાં લોક-કલ્યાણ માટે પ્રજાલક્ષી વિકાસનાં કાર્યો કરી માળખાગત સુવિધાઓમાં મોટા પ્રમાણમાં વધારો થાય તે માટે સરકારની આવકમાં ઉત્તરોત્તર વધારો થાય તે દરેક સરકાર માટે સર્વસામાન્ય અપેક્ષિત બાબત છે. આ જ આશાવાદ સાથે સરકારી આવકનાં હિતમાં કેટલીક મહત્વની જોગવાઈઓનો પ્રસ્તુત વિધેયકમાં સમાવેશ કરવામાં આવેલ છે. જેમ કે, ઘરેલુ વપરાશ માટે આયાત થતી ચીજ-વસ્તુનાં કસ્ટમ્સ ક્લીયરન્સ પહેલાં આવી ચીજવસ્તુઓનાં સપ્લાય બાબતે નિયમોથી ઠરાવવામાં આવે તેવાં કિસ્સામાં વેરાશાખને પ્રતિબંધિત કરી શકાય તેવી જોગવાઈ કરવામાં આવે છે. આ જોગવાઈને ધ્યાને રાખીને આંતર-રાષ્ટ્રીય એરપોર્ટનાં Arrival Terminal પર આવેલ Duty Free Shop દ્વારા પેસેન્જર્સને પૂરા પાડવામાં આવતી ચીજ-વસ્તુઓ તથા તેની સાથે સંકલાયેલ સેવાઓ પર ચૂકવેલ વેરાની વેરાશાખ મળવાપાત્ર રહેશે નહિ.

માન. નાણાંમંત્રીશ્રી રજુ કરેલ વિધેયકમાં એક ખૂબજ અગત્યની બાબતનો સમાવેશ કરવામાં આવેલ છે. Casino, Horse Racing and Online Gaming ને લગતાં કેટલાંક મુદ્દાઓ મુદ્દાઓ બાબતે જીએસટી કાઉન્સિલ દ્વારા ૫૧મી બેઠકમાં કરવામાં આવેલ ભલામણોને આધારે જી.એસ.ટી. કાયદાની જોગવાઈઓમાં સુધારાઓ કરવામાં આવે છે. ખાસ કરીને ઓનલાઈન ગેમીંગની જો વાત કરીએ તો “Game of Skill” કે “Game of Chance” ને ધ્યાને લીધા વિના તેને ચીજ-વસ્તુ તરીકે ગણીને એકસમાન રીતે વેરો વસૂલવામાં આવશે. આ પ્રકારનાં વ્યવહારો ઓનલાઈન પ્લેટફોર્મ ઓપરેટર મારફત થાય છે. આથી જ ઓનલાઈન પ્લેટફોર્મ ઓપરેટરને “સપ્લાયર” તરીકે ગણીને તેણે વેરો ભરવાનો રહેશે. જો આ પ્રકારનાં વ્યવહારો કરતાં વિદેશી પ્લેટફોર્મ ઓપરેટર મારફત થશે તો તેમની પણ વેરો ભરવાની જવાબદારી આવશે અને તેમણે ફરજિયાત નોંધણી નંબર મેળવવાનો રહેશે. હાલ એપ્લીકેશન ડાઉનલોડની દ્રષ્ટીએ ભારત વિશ્વભરમાં સૌથી મોટું મોબાઈલ ગેમીંગ માર્કેટ હોવાથી સમગ્ર દેશ સહિત ગુજરાત રાજ્ય માટે ઓનલાઈન ગેમીંગ સેક્ટર આવકનાં અગત્યનાં સ્ત્રોત તરીકે ઉભરી આવશે.

આવી સરકારી આવકનાં હિતમાં કરવામાં આવેલ જોગવાઈઓને ધ્યાને લેતાં, જી.એસ.ટી. કાયદામાં સુધારા અંગે માન. નાણાંમંત્રીશ્રીએ રજુ કરેલ પ્રસ્તુત વિધેયકને સંપૂર્ણપણે મારો ટેકો જાહેર કરું છું.

-